3

અનુસૂચિત જાતિના વિધાર્થીઓને આપવામાં આવતી
પરિક્ષિતલાલ મજમુદાર પૂર્વ એસ.એસ.સી. શિષ્યવૃતિના
દરોમાં વધારો કરવા બાબત

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.
ઠરાવ ક્રમાંકઃ એસસીડબલ્યુ -૧૦-૨૦૧૪-૮૭૬૦૪૯-ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૦/૦૪/૨૦૧૫.

વંચાણે લીધા:-

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ નો તા. ૬/૬/૨૦૧૨ નો ઠરાવ ક્ર.અજાક/ ૧૦૨૦૧૧/ન.બા.-૪૮/ગ

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ નો તા. ૬/૮/૨૦૧૪ નો ઠરાવ ક્ર. એસસીડબલ્યુ -૧૦૧૪-ન.બા.૭૮-ગ

(૩) નિયામકશ્રી (અજાક) ની કચેરીનો તા.૫/૧૨/૨૦૧૪ નો પત્ર નં:-અજાક/ગ-૧/૫/ ૨૦૧૪-૧૫/૧૩૫૭૭-૭૮.

**ઠરાવ** :-

અનુસૂચિત જાતિના વિધાર્થીઓને આપવામાં આવતી પરિક્ષિતલાલ મજમુદાર પૂર્વ એસ.એસ.સી. શિષ્યવૃતિના દરોમાં વધારો કરવા બાબત સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ ના વંચાણ હેઠળના ક્રમાંક-૧ ના ઠરાવ થી અનુસૂચિત જાતિના ધોરણ-૧ થી ૮ના વિદ્યાર્થીઓને વાર્ષિક રૂા.૨૫૦/- તથા ધોરણ-૯ અને ૧૦ ના વિદ્યાર્થીઓને વાર્ષિક રૂા.૪૦૦/- શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. તથા વંચાણ હેઠળના ક્રમાંક-૨ ના ઠરાવ થી ધોરણ-૬ થી ૧૦ ની કન્યાઓને રૂા.૭૫૦/- સહાય આપવામાં આવે છે.

હાલની મોંઘવારી ધ્યાનમાં લેતાં તથા અન્ય શિષ્યવૃત્તિના દરો કરતાં આ શિષ્યવૃત્તિના દરો ઘણા ઓછા હોવાથી શિષ્યવૃત્તિના દરોમાં વધારો કરવા બાબત ની વહિવટી મંજૂરી માટે ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૩) ના નિયામકશ્રી (અજાક) ના પત્રથી વર્ષ-૨૦૧૫-૧૬ માટે રૂ. ૪૫૨.૦૦ લાખની નવી બાબતનો સને ૨૦૧૫-૧૬ ના અંદાજપત્રમાં સમાવેશ કરવા આવેલ દરખાસ્ત ની વહીવટી મંજૂરીની બાબત વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે નીચેની વિગતોએ શિષ્યવૃતિના દરોમાં વધારો કરવા માં આવે છે.

| અ.નં. | ધોરણ | મળવા પાત્ર શિષ્યવૃતિની ની રકમ |
|---|---|---|
| ૧ | ૧ થી ૫ કન્યા/કુમાર<br>૬ થી ૮ કુમાર | રૂ. ૫૦૦.૦૦ |
| ૨ | ૯ થી ૧૦ કુમાર<br>૬ થી ૧૦ કન્યા | રૂ. ૭૫૦.૦૦ |

અનુસૂચિત જાતિ માટે વર્ષ ૨૦૧૫-૧૬ માં રૂ. ૪૫૨.૦૦ લાખની નવી બાબતનો નીચેની શરતોને આધીન સને ૨૦૧૫-૧૬ના અંદાજપત્રમાં સમાવેશ કરવાની બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઈ અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને

જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) આ યોજના હેઠળ જો ભારત સરકાર તરફથી કોઈ ફાળાની રકમ મળવાપાત્ર થતી હોય તો તે મુજબની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.અને તદનુસારની જોગવાઈ બજેટમાં કરાવવાની રહેશે.

આ અંગેનો ખર્ચ મુખ્ય સદર : ૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ , પેટા મુખ્ય સદર:૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૨૭૭-શિક્ષણ, પેટાસદર- બીસીકે-૨/૭૧ અનુસૂચિત જાતિના વિધાર્થીઓને આપવામાં આવતી પરિક્ષિતલાલ મજમુદાર પૂર્વ એસ.એસ.સી. શિષ્યવૃતિની યોજનામાં શિષ્યવૃતિ દરોમાં વધારો કરવા ની યોજના ની વહિવટી મંજૂરી માં ઉધારવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા કમાંકની નાણાં વિભાગની તા.૩૧/03/૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત ના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી.સી. શાહ)
સેક્શન અધિકારી,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ-૧, સચિવાલય,ગાંધીનગર.
માનનીય મંત્રીશ્રી,(સા.ન્યા) અંગત સચિવશ્રી, સ્વર્ણિમ-૧, સચિવાલય,ગાંધીનગર.
માનનીય રા.ક. મંત્રીશ્રી, (સા.શૈ.પ.વ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ-૨, સચિવાલય,ગાંધીનગર.
અગ્રસચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
નાણા સલાહકારશ્રી, (સા.ન્યા), સચિવાલય,ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, (નિયામકશ્રી અજાક મારકત).
સર્વે જિ.પ.વર્ગક.અધિકારીશ્રી, (નિયામકશ્રી અજાક મારકત).
સર્વે જિ.સમાજકલ્યાણા અધિકારીશ્રી, (પંચાયત) નિયામકશ્રી અજાક મારકત).
બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
કમ્પ્યુટર સેલ શાખા, વિભાગની વેબસાઈટ પર મુકવા વિનંતિ સહ
પસંદગીની ફાઈલ.